

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કાળાં-ધોળાં પ્યાદે શેતરંજ ખેલ ખેલાઈ ગયો!*
*ઋણ-મુક્તિના ચૂકાદે સત્તા-પક્ષ ફૂલાઈ ગયો!*
*પડી ગયો ગ્રાફ અર્થતંત્રમાં ઊંચો-નીચો થઈ*
*ચૂંટણીને ખપટપોમાં વિકાસ ભૂલાઈ ગયો*

### હાઈકુ

*છે આંખે પાટા -*
*ત્રાજવું ઊંચું-નીચું -*
*ન્યાય-દેવીનું...*

*ન્યાયની ગાય*
*કહે તેમ થાય, ને*
*દોરે ત્યાં જાય ?!*

### ચિંતન

**યો મન અટક્યો બાવરો, રાખો ઘર મેં ઘેર,**
**જો મમતા મેં ગલે ચલે, તો અંકુશ દે દે ફેર.**

ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલ છે.

જો ચંચળ મન બાવરું, આકુળ વ્યાકુળ થઈને ભટકવા જ તૈયાર થયું હોય, ગમે તેટલું વારવા છતાં ન સમજે અને તેને અહીં તહીં રખડવાની જ લગની હોય તો ઘટમાં એટલે હૃદયમાં એને ઘેરી રાખી પ્રાણાયામ કરી સ્થિર કરી દેવાના કબીર શીખ આપે છે. અને કહે છે કે પ્રાણાયામથી મન જરૂર શાંત થશે. એમ છતાં 'હું જ સાચું' એવી મમત સાથે ચાલવા જ માંડે તો તીવ્ર અંકુશ રૂપી વચનો પડે પાછું વાળવા કોશિશ કરી જુઓ. કદાચ આથી તે જંપીને સ્થિર બેસશે અને તાબે થશે.

આનથી સારો રસ્તો બતાડતાં કબીર કહે છે કે મુશ્કેલીને સમયે હરિને મદદ બોલાવી લેવા માટે તેનું સ્મરણ કરવું એ જ ઉત્તમ ઉપાય છે.

આપણી ઈચ્છા-અપેક્ષા-વાસનાઓ તો અમર્યાદ છે તે તો વધ્યા જ કરશે તેથી તેના પર આપણા મન પર લગામ રાખવી જોઈએ.

### સુવિચાર

- સંભવની હદ જાણવાનો એક જ ઉપાય છે કે અસંભવથી પણ આગળ નીકળી જવું - **સ્વામી વિવેકાનંદ**
- રાસ્તે મેં મુશ્કેલેં મીલી, મુશ્કીલોં સે રાસ્તા મીલા - **નવાઝ દેવબંદી**
- રાજમાર્ગે નહીં, અજાણ્યા માર્ગે આગળ વધ - **ઋગ્વેદ**
- પરાધિન વ્યક્તિને સપના માંયે સુખ સાંપડતું નથી - **તુલસીદાસ**
- નસીબનું મહત્ત્વ યોગ્ય સમયે પ્રતિભા દર્શાવવાની તક મળે ત્યાં સુધી સીમિત છે, અંતે તો પ્રતિભાનો જ ખપ પડવાનો છે - **સંત રોબિન**
- નિર્મળ અંતઃકરણવાળાને ધન્ય છે, કારણ કે તેને ઈશ્વરના દર્શન અવશ્ય થશે - **બાઈબલ**
- આજનું ઔષધ : પાણીમાં લવિંગ વાટીને પેસ્ટ સોજા પર લગાડવાથી સોજા ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક પાંચેક વર્ષનો બાળક સાંજે ટહેલતા ટહેલતા દૂર નીકળી ગયો. બાળકની નાની એને શોધતા શોધતા પાગલ જેવી બની ગઈ. પણ બાળક તો નદીના કિનારે ચૂપચાપ બેઠો હતો. બાળકને ધમકાવતા નાની બોલ્યા, 'તને ભાન નથી પડતું ? તેને બે કલાકથી શોધુ છું અને તું અહીં બેઠો છે ? ડર નથી લાગતો ?' બાળકે કહ્યું, 'ડર એલટે શું ? ડર કેવો હોય ? મેં હજુ ડર જોયો નથી? મારે ડરને મળવું છે, એ કયાં છે ?' નાનીમાને આશ્ચર્ય થયું. એમને થયું અરે આ તે કેવો છોકરો છે ? એને ડર શું એ ખબર નથી, એને ડર શું છે તે સમજાવવું કેવી રીતે ? નાની માને ખ્યાલ આવ્યો કે આ છોકરો ભારે નીડર છે અને એને કોઈ વાતનો ભય નથી.નાનીમાંએ કહ્યું, 'તું બે કલાકથી ગુમ થઈ ગયો હતો અને હું તને શોધી રહી હતી. એમ જાણીને હું ડરી ગઈ કે કદાચ તારું અપહરણ થઈ ગયું હશે કે શું ?'બાળકને તો કંઈ સમજણ પડી નહીં અને તે નાનીની વાત સાંભળી હસી પડ્યો. એ બાળક મોટો થઈને ઈંગ્લેન્ડની સેનાનો મહાન સેનાપતિ બન્યો જેનું નામ નેલ્સન હતું. નેલ્સનની સેના કદી હાર પામી ન હતી. એવું નેલ્સનનું નેતૃત્વ હતું.

# મહારાષ્ટ્રમાં શરદ પવારનો પાવર વરતાશે

**તંત્રીસ્થાનેથી...**

નાણાંની હેરાફેરી અંગેના શંકાસ્પદ આરોપી બનાવી કેન્દ્ર મરાઠા નેતા શરદ પવારને ઈડીના ડાઘિયાઓ સમક્ષ રજૂ કરે એ પહેલાં જ એમણે પોતાની રાજકીય કુનેહનો પરચો આપી દીધો છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં ત્રીજા ક્રમે રહેલ પાર્ટીના નેતા હોવા છતાં આગામી પાંચ વર્ષ સુધી સરકાર એમના માર્ગદર્શન અને વ્યૂહરચના મુજબ ચાલશે. કોંગ્રેસને સાથે રાઓખી શિવસેના જેવી કટ્ટર હિંદુત્વવાદી પાર્ટીના નેતૃત્વવાળી સરકારમાં જોડાવાનો ઐતિહાસિક સંકલ્પ એ ભારતીય રાજકારણની સીમાચિહ્નરૂપ ઘટના ગણાશે. શરદ પવાર આજની તારીખમાં મહારાષ્ટ્રના સૌથી વરિષ્ઠ નેતા છે. રાજયના મુખ્યમંત્રી પદે વારંવાર આરૂઢ થવા ઉપરાંત તેઓ કેન્દ્રના સંરક્ષણમંત્રી જેવી મોટી જવાબદારીનું સફળતાપૂર્વક નિર્વહન કરી ચૂક્યા છે. કોંગ્રેસથી છૂટા પડ્યા પછી તેઓ પ્રાદેશિક રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા ગણાતા હોવા છતાં રાષ્ટ્રીય નેતા તરીકેનું એમનું વજૂદ અને વક્કર અકબંધ રહ્યાં છે. તેથી જયારે શિવસેનાએ એના જૂના સહયોગી ભાજપ સાથે સત્તામાં ભાગીદારી મુદ્દે વાંધો પાડ્યો ત્યારે લાગ જોઈને શરદ પવારે શિવસેનાના સમર્થનમાં પોતાની પાર્ટીનું સમર્થન મૂકવાની તૈયારી દર્શાવ,ી એટલું જ નહીં - એમને રાજયમાં ચોથા નંબરે રહેલ પાર્ટી કોંગ્રેસને પણ સાથે રાખવાની વ્યૂહ રચના ઘડી કાઢી. કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીથી લઈ એન્ટની જેવા જૂનાજોગીને શિવસેના સાથે સત્તા માટેનું ગઠબંધન ઉચિત નહોતું લાગતું પરંતુ પવારે સોનિયા અને એમના દૂતો સાથે ચર્ચાવિચારણા કરીને કોમન મિનિમમ પ્રોગ્રામ માટે સત્તાભૂખી શિવસેનાને સહમત કરી દીધી તે એમની રાજકીય દૂરંદેશી દર્શાવે છે. અત્યારે કેન્દ્રના ઈશારે મહારાષ્ટ્ર જેવા મહત્ત્વના રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લદાયુ છે જે વધુમાં વધુ છ માસ સુધી અમલમાં રહી શકે પરંતુ દરમિયાન શરદ પવારની રાજકીય દૂરંદેશી અને કુનેહને કારણે રાજયપાલને ફરજ પડી શકે એમ છે કે નવા રાજકીય ગઠબંધનને સરકાર રચવા આમંત્રણ પાઠવવું જ પડે. ઉદ્ધવ ઠાકરેને કોઈ પણ ભોગે શિવસેનાનું શાસન ખપે છે, એથી તેઓ એમના કેટલાક ધારાસભ્યોની ઈચ્છા વિરુદ્ધ એનસીપી અને કોંગ્રેસના સમર્થનથી સરકાર રચવાની ફોર્મ્યુલા સ્વીકારવા સહમત થઈ ગયા છે. બહુ જ ટૂંક સમયમાં આ નવા ગઠબંધનની સરકાર રચાય તો એમાં પણ મુખ્યમંત્રીપદ અંગે તો વિવાદ રહ્યા જ કરવાનો છે. પરંતુ ત્યાં પણ વરિષ્ઠ નેતા પવાર જ વિષ્ટિકારનો પાઠ ભજવશે અને એમની સરકાર પાંચ વર્ષ પૂરં કરશે એવી શ્રદ્ધા સાથે લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતીથી ચૂંટાઈ આવેલ ભારતીય જનતા પાર્ટીને ઘરઆંગણે એની હેસિયત બતાવી પોતાનો બુલંદ ઈરાદો અને રાજકીય ઈચ્છાશક્તિ બતાવી દેશે એમાં શંકાને સ્થાન નથી.

# દોષ વિણ કોઈ નહિ



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

જો યા સો ઠીક દીયા : દુઃખના સમયે ક્ષમતા નહિ દાખવનારને ખેદ, વિષાદ અને બળતરાનો રોગ થાય છે. માટે તમારા દુઃખને મોટું કરશો નહિ. તમારા સુખની બીજાના સુખ સાથે તુલના કરશો નહિ કે તમારા સુખને વખોડશો નહિ. બીજાનું સુખ જોઈ માત્ર રાજી જ થાવ પણ સરખામણી કરશો નહિ, જેવું, જેટલું અને જેટલા સમય માટે સુખ મળે તે આપવા બદલ ભગવાનનો ઉપકાર માનજો. એને કહેજો કે આટલા બધા સુખને લાયક હું તો ન હતો પણ તે કૃપા કરીને મને આપ્યું છે. 'જો દીયા સો ઠીક દીયા' એવા સ્વીકાર કરજો. એમ કરશો તો અંદરથી પ્રસન્નતા પ્રગટશે. જે તમારા જીવનને મધુર બનાવશે.

આ જગતમાં એવો કોણ માણસ છે જેના વંશમાં કોઈ પણ દોષ કે અવગુણ ન હોય. કયાંક ને કયાંક, નાનો પણ દોષ નીકળી આવે છે. સંસારમાં એવો કોઈ પણ માણસ નથી કે જેકોઈને કોઈ રોગથી પીડિત ન થયો હોય. એટલે કયારેક ને કયારેક માણસને રોગ ઘેરી લે છે. જગતમાં એવી કોઈ વ્યક્તિ છે જેને કોઈ વ્યસન ન સેવ્યું અને તેનો ઉપર કોઈ સંકટ આવી પડ્યું ન હોય. કયારેક ને કયારેક માણસ ઉપર સંકટ અથવા કષ્ટ આવી જ પડે છે અને નાનું પણ વ્યસન વળગી પડે છે. શરીર વ્યાધિનું ઘર છે, તેથી દેહ ધારણ કરેલા ને રોગ ન થાય તેવું બની શકતું નથી. રોજ રાત્રે ગોળી ન ખાય તો ઊંઘ ન આવે એવા પણ માણસો છે, તો ભોજન લીધા પછી પચાવવાની ગોળી નિત્ય લેવી જ પડે તેવા પણ માણસો છે. જો આટલી વાત બરાબર યાદ રાખે તો શાંતિ અને આનંદથી જીવી શકશે. અનુભવી માણસો કહે છે કે રોગો સૂતેલા સારા. જો એકાદ રોગ - બેઠો થઈ જાય તો મામસને બરાબરની વીતે છે. તેથી તો કહ્યું છે કે : દાઢ, વાઢ, ખીલી ને ખટકો એથી ઝોલેરો ઝટકો.

રોગ કે બીજા કષ્ટોથી પીડાતો માણસ એવું વિચારતો હોય કે આવી યાતનામાં જીવવા કરતાં તો મૃત્યુ સારું. પછી એ આપઘાત કરવાનું પણ વિચારતો હોય છે. પણ માણસ દેહ છોડે તેથી તેને સુખ દુઃખમાંથી છૂટકારો મળતો નથી. માણસ જયાં સુધી વાસના મુક્ત, કર્મમુક્ત ન થાય ત્યાં સુધી એને નવો જન્મ લેવો જ પડે છે. એક શરીર જશે તો પણ માણસનો આત્મા તો રહે જ છે. આત્માને કર્મનું વળગણ વળગેલું છે અને આત્માનું અવસાન ન થાય તેવી કોઈ ટેકનિક શોધાઈ નથી. માટે આત્માને નવો દેહ ધારણ કરવો જ પડશે. નવો જન્મ લેવો જ પડવાનો.

જગતમાં અનેક કુળ છે, પરંતુ એક દોષ વિનાનું કોઈ પણ કુળ દેખાતું નથી. ભગવાન કૃષ્ણના કુંટુંબી યાદવો વ્યસનોમાં ડૂબી અંદર-અંદર કપાઈ મર્યા. ભગવાનને દ્વારકા છોડવી પડી. કુરુવંશનો દુર્યોધન ભગવાન શ્રીકૃષ્ણની જ્ઞાનની, ડહાપણની અને વ્યવહારી સત્યની વાતો, તેના જ હિતની વાતો ન સમજ્યો અને ભીષણ મહાભારત યુદ્ધ ખેલી સર્વનાશ નોતર્યો. પાંડવ વંશમાં દોષ હતા, જુગાર, જો યુધિષ્ઠિરને પ્રિય ન હોત તો ભાઈઓ અને પત્ની હારવાનું, પત્ની ને ભરસભામાં અપમાનિત થવાનું અને પત્ની તથા ભાઈઓ સહિત ૧૩ વર્ષ વનવાસ જવાનું ન થયું હોત. રઘુવંશમાં ભગવાન શ્રીરામ વંશમાં પણ દોષ હતા. તેથી તો મંથરાતી કેકૈયી ભરમાઈ અને રામજીને ભાઈ અને પત્ની સહિત ૧૪ વર્ષ વનમાં જવું પડ્યું ખરી વાત આવી છે. માટે તમારા ઘરમાં જેવું હોય તેવાનો સ્વીકાર કરી લેશો તો તમારો દીકરો, કે દીકરી દોષિત હશે તો પણ તમને દુઃખ નહિ થાય. જેમ સુખની તુલના કરવા જેવી નથી, તેમ દુઃખની તુલના પણ કરવા જેવી નથી.

જે દુઃખ તમને પડ્યું છે તે બીજાના દુઃખ કરતાં ઓછું છે તેવું સમજી તમને ઓછું દુઃખ આપવા માટે પરમાત્માનો ઉપકાર માનો. જે સુખ તમને મળ્યું છે. તે મળવું જોઈએ તેના કરતાં પણ વધુ મળ્યું છે. તેમ માનીને રાજીપો રાખીને સુખ આપવા બદલ પણ ભગવાનનો ઉપકાર માનો. જો આવો રાજીપો જીવન સાથે જોડશો તો તમે તો સુઃખી થશો જ ઉપરાંત બીજાને સુખી કરી શકશો.

# પૂ. મોરારિબાપુની ઉત્તરકાશીની રામકથામાં 'સર્જકયાત્રા'નું ઔચિત્ય



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા શાસ્ત્રોમાં સર્જકને બ્રહ્મા કહ્યો છે. કેમ કે સર્જક પણ સાહિત્યમાં શબ્દના માધ્યમથી નવી ભાવસૃષ્ટિનું સર્જન કરે છે. પરંતુ આપણા સમાજની એ કરૂણતા છે કે અહીં સર્જકને મળવું જોઈએ એટલું સન્માન નથી મળતું. જો ધારાસભ્યો કે સંસદ સભ્યોને તેમની સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને જે જે સવલતો આપવામાં આવે છે તે સર્જકોને કેમ નહીં ? કેમ કે નેતાઓ તો સરકારી ગ્રાન્ટ વાપરીને લોકોની સેવા કરે તો કરે છે અથવા પોતે જ સવલતો ભોગવે છે જ્યારે સર્જક તો સર્જન કરીને સમાજને નવી પ્રેરણા, નવી ચેતના, નવી દિશા આપે છે. એમ.ડી. ડિગ્રીધારી ડૉક્ટર એક સમયે એક વ્યક્તિને ઓપરેશન કરીને બચાવી શકે છે પરંતુ એક સર્જક એક ઉત્તમ કવિતા, વાર્તા કે નવલકથા દ્વારા આખા સમાજને જીવતો કરી શકે છે. સમાજને સંસ્કારિત કરે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતી સાહિત્યમાં પૂ. મોરારિબાપુ કલા, સંગીત, અભિનય, નૃત્ય અને સાહિત્ય ક્ષેત્રે કાર્યરત કલાકારો તથા સર્જકોને વિશેષ રીતે નિમંત્રિત કરીને સન્માનિત કરે છે. દર વર્ષે યોજાતા અસ્મિતાપર્વો, સંસ્કૃતપર્વો, સદભાવના પર્વોએ ગુજરાતને સંસ્કારિત કરવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી છે. કેટલાય નવા કલાકારોને, સર્જકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપીને કલા અને શબ્દને ખોળે રમતા કર્યા છે.

હાલમાં જ હિમાલયની પર્વતમાળાઓની વચ્ચે, ભાગીરથી નદીને કિનારે વસેલા પવિત્ર શહેર ઉત્તરકાશીમાં પૂજ્ય મોરારિબાપુની રામકથા યોજાઈ ગઈ., વર્ષો પહેલા શ્રી રઘુવીર ચૌધરીએ કરેલા સૂચનને અનુસરીને આ રામકથામાં બાપુએ એક '' સર્જકયાત્રા'' યોજવાનું નક્કી કરીને ગુજરાતી ભાષાના ૩૬૯ જેટલા સર્જકોને પત્રો લખીને નિમંત્રિત કરેલા જેમાંથી ૨૫૦ જેટલા સર્જકો આ ઉત્તરકાશી રામકથા નિમિત્તે સર્જકયાત્રાની પ્રસન્નતા માણવા ઉપસ્થિત રહેલા. .

ઘણા લોકોને મનમાં પ્રશ્ન થતો હશે કે આવી સર્જકયાત્રાનું ઔચિત્ય કેટલું ? પણ એ પહેલા આપણે સૌએ સર્જકનું મૂલ્ય સમજવું જરુરી છે. અહીં મૂલ્યનો અર્થ કિંમત નહીં, સામાજિક, સાર્વત્રિક મૂલ્ય વિશેનો અર્થ અભિપ્રેત છે. સર્જક એટલે સોશિયલ મીડિયા ઉપર બે ચાર કવિતાઓ કે લેખો કે વાર્તાઓ કે થોડુંઘણું કંઈક સાહિત્ય જેવું સર્જીને પોતાને સર્જક તરીકે પ્રસ્થાપિત કરી દેવા. એ નહીં. સાહિત્ય એ તો તપ છે. સાધના છે, વર્ષો સુધી અહીં તપવું પડે છે. મહેનત કરવી પડે છે. ઊંડો અભ્યાસ અને વિશાળ વાંચન કરવું પડે છે. અને આ બધા પછીયે મૂખ્ય છે સર્જકની માનસિકતાનો વિકાસ, એના દૃષ્ટિકોણનો વિકાસ, અને આ બધું સર્જકના જીવનમાં એક સાથે નથી બનતું, અનેક વર્ષોની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. મને લાગે છે પૂ. બાપુ આવી અનેક તકો, પરિસ્થિતિઓનું, વાતાવરણનું નિર્માણ કરે છે જેમાંથી અનેક નામી – નવોદિત સર્જકો પસાર થાય છે અને પોતાની કલમને ઘડે છે.

અત્યારે અસ્મિતાપર્વો કે બાપુ દ્વારા અપાતા પુરસ્કારો વિશે વાત નથી કરવી. કેમ કે શબ્દના મહાયજ્ઞ વિશે તો લેખ નહીં પણ આખું દળદાર પુસ્તક લખાય એમ છે. એટલું એમાં કામ થયું છે.

દિવાળી અને નવું વર્ષ મનાવીને સૌ સર્જકો તા. ૩૧, ઓક્ટોબરની વહેલી સવારે અમદાવાદ એરપોર્ટ ઉપર ભેગા થઈને જુદા જુદા વિમાનમાં દિલ્હી પહોંચેલા. દિલ્હી એરપોર્ટથી મીની લકઝરી બસોમાં બપોરે નીકળીને સાંજે હરિદ્વાર પહોંચ્યા, મા ગંગાની આરતી કરી, રાત્રિ રોકાણ હરિદ્વાર કરીને વહેલી સવારે ત્યાંથી નીકળીને હિમાલયની પર્વતમાળાઓની વચ્ચેથી પસાર થતા થતા રાત્રે ઉત્તરકાશી પહોંચ્યા હતા. અહીં ખૂબ જ સુંદર અને એકદમ ભાગીરથી નદીને કિનારે, ચારેબાજુ ઊંચા ઊંચા પર્વતોની વચ્ચે રહેલી હૉટેલમાં અમારા સૌનો ઉતારો હતો. સૌ પ્રથમ તો આ સર્જકયાત્રામાં એવા સર્જકો કેટલાય હતા કે જેઓ જીવનમાં પહેલીવાર વિમાનમાં બેઠા હોય. કલમ પ્રત્યેની એમની નિષ્ઠાનું ફળ કદાચ તેમને મળ્યું હોવાની એમની સુખદ અનુભૂતિ લાખો કરોડોની મિલકત કરતાય વિશેષ હોવાનું એમના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાતું હતું. અહીં પણ પૂ. બાપુએ કથાના પ્રથમ દિવસે જ સ્પષ્ટ કહ્યું હતું કે ખબર નહીં કેમ પણ આજે મારું મન ખૂબ જ પ્રસન્ન છે કેમ કે મારી માતૃભાષાની સેવા કરાનારા સર્જકો અહીં ઉપસ્થિત છે. અને આ બધુ પ્રસિદ્ધિ, પ્રસંશા કે પ્રશસ્તિ માટે નહીં પણ પ્રસન્નતા માટે છે. વળી બાપુએ એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે સૌ સર્જકો અહીં સ્વતંત્ર છે. રામકથા સાંભળવી ફરજિયાત નથી. તમારે જ્યા પણ આજુબાજુના પર્વતીય સ્થળોએ ફરવું હોય તો ફરજો, પ્રકૃતિને મન ભરીને માણજો, અહીંની શુદ્ધ હવાને ખૂબ શ્વાસોમાં ભરજો, બસ આ દસ દિવસ મનને પ્રસન્ન રાખજો.

આ કથામાં રોજ હજારો માણસો બાપુની પ્રેમમય વાણીનો લાભ લીધો હતો. દરરોજ ત્રીસ સર્જકો બાપુની વ્યાસપીઠ પર રહેલી રામાયણનું સુતરની આંટીથી પૂજન કરીને બાપુની સન્મૂખ થતા હતા. દુનિયાના ૧૭૦ થી વધુ દેશોમાં બાપુના ભક્તો, ભાવકો આ બધુ '' આસ્થા ચેનલ '' પર લાઈવ ભક્તિભાવથી જુએ છે. અને સર્જકોએ પર્વતોની સાથે, વૃક્ષોની સાથે, ભાગીરથી નદીના વહેતા જળ સાથે પોતાની જાતનું તાદાત્મ્ય સાધીને મનને પ્રસન્ન કર્યું હતું. મનના તંતુઓ જોડ્યા હતાં. .કથાના ચારેક દિવસો સાંજે સાહિત્યિક ગોષ્ઠિનું પણ આયોજન થયેલું.. જેમાં સૌ પથમ સૌ સર્જકોએ બાપુ સમક્ષ પોતાનો ટૂંકો પરિચય આપ્યો. નામ અને કામની પરિચય વિધી પછી બન્ને દિવસની બેઠકમાં નામી નવોદિત કવિઓએ પોતાની કૃતિઓની રજુઆત કરી. કાવ્યપાઠની આ બેઠકની વિશેષતા કે ઔચિત્ય એ હતું કે અહીં માત્ર ૧૯ વર્ષની નૈયા જોશી, રાહુલ શ્રીમાળી જેવી અનેક નવોદિત કલમને પૂ. બાપુ અને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક શ્રી રઘુવીર ચૌધરી, માધવ રામાનુજ તથા બીજા અનેક વરિષ્ઠ સર્જકોની સમક્ષ પોતાનો ટૂંકો પરિચય તથા કવિતા પ્રસ્તુત કરવાની તક મળે. તો વળી વરિષ્ઠ કવિઓની રચનાઓ સાંભળવી, તેમની સાથે દસ દિવસ રહેવું, તેમની વાતો, અનુભવનું જ્ઞાન લેવું. અહીં આ સામૂહિક સાહિત્યિક વાતાવરણથી આપણી માનસિકતા, દૃષ્ટિકોણને વિશાળતા આપવાની પ્રક્રિયાનો અહીંથી આરંભ તો થઈ જ જાય છે.

ઘણીવખત આપણું સત્ય આપણા પૂરતું મર્યાદિત હોય છે. જે નકારાત્મક રૂપે સોશિયલ મીડિયા ઉપર આપણે એને વહેતું કરીને અજાણતા જ વિવાદ ઊભો કરતા હોઈએ છીએ. સોશિયલ મીડિયા ઉપર આવા ઘણા અધૂરી સમજણ, અધૂરું સત્ય અને નકારાત્મકતા લઈને ફરતા હોય છે. તો વળી આપણા અધૂરા સત્યને, અસમજણને આપણી નેગેટિવિટીને પણ ખોટી રીતે વાહ વાહ કરીને કેટલાક મિત્રો જ આપણને ચણાના ઝાડ ઉપર ચડાવતા હોય છે. પણ મિત્રો, આપણું સત્ય આપણી આસપાસના વાતાવરણ આધારિત, આપણા શિક્ષણ ને સમજણ આધારિત હોય છે. જે સમાજ માટે અસત્ય, હાનિકારક હોય છે. મિત્રો, આપણામાં ગમે તેટલી ટેલેન્ટ હોય પણ જ્યા સુધી આપણા માનસમાં નકારાત્મકતા છે, દ્વેષ છે. સીમિત ભાવસૃષ્ટિ છે. ત્યાં સુધી આપણે સાચા ને સારા સર્જક બની શકવાના નથી. જીવનમાં સફળ બનવા માટે પ્રકૃતિએ જે સકારાત્મક શક્તિની સિસ્ટમ ગોઠવી છે એમાં આપણને ગમે કે ના ગમે પણ ચાલવું પડે છે. આપણે ગાંધીજી તો છીએ નહી કે આખા દેશને બદલી નાખીશું. આપણા વિચારો સાથે આપણા પરિવારના પાંચ સભ્યો પણ સહમત નથી થતા, તો સમાજ કે દુનિયા તો ક્યાંથી થાય ? અને મિત્રો, આમે ય કોઈ ચીજને તોડવી સહેલી છે. કઠિન તો છે એને જોડવાનું. પૂ. બાપુ જોડવાનું કામ કરે છે. અને ઈતિહાસ સાક્ષી છે કે સમાજમાં જ્યારે જ્યારે કોઈએ જોડવાનું કાર્ય કર્યું છે ત્યારે ત્યારે એનો વિરોધ થયો જ છે. કેમ કે આ દુનિયામાં તોડવાવાળા લાખો, કરોડો લોકો છે. અને જોડવાવાળા ખૂબ જ ઓછા.

મિત્રો, આપણે એક કાર્યક્રમ કરવો હોય તો પણ પાંચ પચીસ હજારના સ્પોન્સર પણ માંડ માંડ મળે છે. જ્યારે પૂ. બાપુની રામકથા કરાવવા મોટા મોટા ઉધોગપતિઓની લાઈન લાગેલી છે. શા માટે ? એ વિચાર્યું છે કદી ? પણ આ મનની પ્રસન્નતાનો વિષય છે, મનની સકારાત્મકતાનો વિષય છે, મનની વિસ્તૃતતાનો વિષય છે. જેને સમજવા માટે મનને વિસ્તૃત કરવું પડે, સંઘર્ષ છોડી સંવાદ કરવો પડે, પરંતુ ઘણી વખત આપણે સત્ય જાણ્યા વિના અથવા અહીંતહીંથી સાંભળેલું સાચું માનીને નકારાત્મકતા ફેલાવતા હોઈએ છીએ. વાઘ સાથે લડવું હોય તો પહેલા વાઘ બનવું પડે, એના જેટલી તાકાત મેળવવી

અનુસંધાન પાના નં ૭ પર

# ડબલ સ્ટાન્ડર્ડ : ચશ્માં ઉતારો ફિર દેખો યારો...!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

'જબ ભી જી ચાહે નઈ દુનિયા બસા લેતે હે લોગ....એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હે લોગ' ...હિન્દી ફિલ્મનું આ ફેમસ સોંગ અસલી-નકલી ચહેરાની સચોટ વ્યાખ્યા આપે છે પણ શું છે કે ઘણા ને તો આવા ડબલ ડબલ ચેહરાઓ પણ લગાવવાની જરૂર ના પડે એટલી હદે 'અભી બોલા અભી ફોક' ની ટેવ પડી ગઈ હોય છે. આવા લોકોનો એક જ ચહેરો કાફી હોય છે 'હું તો કાઈ બોલ્યો જ નથી' કહેવા માટે..! હાથીના દાંત ની જેમ ઘણાના બતાવવાના ચહેરા જુદા અને અસલી ચહેરા જુદા હોય છે પણ એ ખબર પડે એને જ પડે..! જો કે અભી બોલા અભી ફોક જેવી આ નોટો સમય અને સ્થિતિ મુજબ પોતાના આ મલ્ટીપલ ચહેરાઓનો ઉપયોગ કરી લેતા હોય છે. પ્લીઝ નોટ કે અહી ચહેરા મતલબ આચાર-વિચાર કે વ્યવહાર આવું સમજવું રહ્યું. ઘણાના આવા વ્યવહારો જોતા એમ થાય કે 'તારા ક્યાં મોઢા પર લાફો ઝીંકુ'..!! જવાબમાં એવો પણ પડઘો પડે કે 'શોધી લે જો મળે તો '...!

સ્વાભાવિક છે કે ચહેરા જુદા હોય મતલબ કે એમની બોલી અને વિચાર જુદા રહેવાના. ઘર - સમાજ અને સોસાયટી બધે જ તમને આવા ડબલ સ્ટાન્ડર્ડ મળી જાવાના. દેશી ભાષામાં આપણે જેને 'ડબલ ઢોલકી' કહીએ છીએ એ જ આ લોકો છે કે જેમનો અભિપ્રાય સ્થળ-સમય-સંજોગ અને વ્યક્તિ મુજબ જુદો જુદો હોય છે. એક સમયે મોદીને ભાંડનારા અત્યારે મોદીની ચડતી જોઈને 'વાહ મોદી વાહ' કરે છે કે કોંગ્રેસની પડતી જોઈને પાલો બદલી નાખે છે એ આ ડબલ ઢોલકીના પ્રચલિત ઉદાહરણો છે. ફેસબુક પર બેફામ ઝગડો કરનાર લોકો પાછો એની સાથે જ ચા-પાણી પીતા અને બેફામ વખાણો કરતા ફોટાઓ ચીપકાવે એ પણ આ 'ડબલ ઢોલકી 'માયલા જ....!' બાળકને તો માતૃભાષામાં જ ભણાવાય 'આવા ઉપદેશો દેનારના બાળકો અંગ્રેજી માધ્યમની સ્કુલોમાં ભણતા હોય એવા દાખલાઓ પણ મોજુદ છે. 'આપણે ફલાણા હારે ના જામે ' ની ગુલબાંગો ફેંકતા લોકો પણ સમય મુજબ એની જ સાથે કોઈ એક પ્લેટફોર્મ - જગ્યા કે સંવાદ શેર કરવા માંડે એવું પણ બને છે. રાજકારણ કે શોશિયલ મીડિયાના દાખલાઓ એટલે ટાંક્યા કે આજકાલ આ જ રીતે બધા સમજે છે..!

હવે પ્રશ્ન એ થાય કે આ ધજાની પૂંછડીની જેમ ફરફર કરવામાં વોટ ઈઝ ધ પ્રોબ્લેમ...? પ્રોબ્લેમ તો કાઈ નહિ ભૂરા પણ શું છે કે કોઈ એક ટોપિક પરના કોઈના વિચારોથી તમે પ્રભાવિત થાવ અને આફ્ટર સમટાઈમ એના વિચારો અગાઉના વિચારોથી સમૂળગા ૩૬૦ ડીગ્રી ઉંધા જ જોવા મળે તો ઓબ્વીય્શ્લી ગ્લાની કે આઘાત પેલા પ્રભાવિત થનારને જ થવાનો...!! સમાજમાં અને લગભગ બધા જ ક્ષેત્રોમાં આપણને આ ' ડબલ ઢોલકી ' ના અનુભવો થયા જ કરે છે. ઈનફેક્ટ હું તો ત્યાં સુધી કહું કે ક્યાંક ને ક્યાંક અને ક્યારેક ને ક્યારેક આપણે પણ આ ' ઉમદા કાર્ય ' પણ કરી ચુક્યા હોઈશું જ..!! ના, ના એમાં કાઈ છોભીલા પાડવા જેવું કશું છે જ નહિ કેમકે માણસમાત્ર આ ' દોહરા માપદંડ ' નો શિકાર બને જ છે અને એનું રીઝન છે કે સમાજમાં આ ઢોલકીઓ બહુમતીમાં છે અને એની ઈફેક્ટ મને ને તમને થાય કે નહિ ? એવું નથી કે આપણે દુધે ધોયેલા ને બીજા ખરડાયેલા....ના...ના...!! સર્વે મુજબ લગભગ ૯૦% લોકો ક્યાંક ને ક્યાંક અને ક્યારેક ને ક્યારેક આવી દોહરી ચાલ ચાલી ચુક્યા હોય છે..!!

થાય છે શું કે માણસનો સ્વભાવ પરીશ્થીતી અને સંજોગો મુજબ બદલતો રહે છે. કોઈ એક મુદ્દા પર કે વાત પર અડગ રહી શકે એવા મનખાદેહ ઓછા છે અને આમ જોવા જાવ તો પ્રેક્ટીકલી શક્ય પણ નથી. નો ડાઉટ જીવન જીવવાના અમુક ચોક્કસ નીતિ-નિયમો-એથીક્સ આવું બધું છે પણ એને સતત વળગી રહેવું પોસીબલ નથી. કુટુંબમાં કોઈ સાથે વાંધો-વાચકો પડ્યા પછી એને લાંબા સમય સુધી પકડી રાખવો પેઢી બદલાયા પછી શક્ય નથી. આવું જ કઈક આ દોહરા માપદંડનું છે. બાલમજુરીના સેમિનારમાં ભાષણ ઠોકનારના ઘરે જ ૧૫-૧૬ વર્ષનો રામો કામ કરતો હોઈ શકે કે પછી બસમાં સ્ત્રીઓને જગ્યા આપવી જોઈએ એવું કહેનાર પણ આવા સંજોગોમાં ' બેન પાછળ સીટ ખાલી હશે, જોઈ જુઓ ' કહેતો સંભળાય એવું પણ બને. 'દહેજ દાનવ છે ' કહેનાર પણ 'આ તો શુકન છે' એમ કહીને હસતા હસતા ગાડી-ઘરેણા લેતા જોયેલા છે. આવા તો ઘણા ઉદાહરણો મળી જાય અને પાછું આ બધી જ ગુલાંટો પાછળ ગુલાંટ મારનારનો કોઈને કોઈ તર્ક સો ટકા હોવાનો...! કોઈ એમ કહીને છટકી જાય કે 'દબાણ હતું' તો કોઈ 'રીવાજો' ની દુહાઈ દે. સ્થિર-અડગ રહેવું ક્યાં પોસીબલ છે આજના ફાસ્ટ જમાનામાં પણ છતાયે ઘણી એવી બાબતો છે કે જ્યાં આદિકાળથી ઢોલકીઓ વગાડ્યા જ કરીએ છીએ.

જેમ કે સૌથી વધુ આવી શબ્દિક કે વ્યવહારિક ગુલાંટો આપણે જેન્ડર ઈક્વિટીના નામે મારીએ છીએ. 'પુરુષ - સ્ત્રી એક સમાન છે' નો નારો ભલે બુલંદ બનતો જતો હોય પણ આજે પણ ઘરમાં જ પુત્રથી પુત્રીને ઓછું મહત્વ કે પુત્રવધુને દીકરીથી ઓછું મહત્વ આમ વાત છે અને એ પણ 'ના ના દીકરીઓને આવું ના કરાય' એવા તાલ ઢોલક પર બિન્દાસ મારીને...! કોઈ પુરુષ પર જુલમ થાય તો આપણા નિયમો જુદા છે અને સ્ત્રી પર જુલમ થાય તો આપણા નિયમો જુદા છે. સમાજ સુધરતો તો જાય છે પણ હજુ આજે પણ દીકરી કે વહુ નોકરી કે કશુક ઘરની બહાર નીકળીને કરવાનું નક્કી કરે તો દુહાઈઓનો દોર ચાલુ થઈ જાય છે. 'છોકરીથી આવું ના કરાય' આવો સ્ટેમ્પ પાછો છોકરાની બાબતમાં ઉલ્ટો થઈ જાય છે. કપડા-લતા, વાણી-વ્યવહાર કે ઈવન લગ્ન જેવા મામલાઓમાં હજુ આજે પણ સ્ત્રી-પુરુષના ભેદભાવના નામે 'ડબલ ઢોલકી' વાગ્યા જ કરે છે. નો ડાઉટ જમાનો બદલાયો તો છે જ પણ હજુ આજે પણ ઉચ્ચ હોદ્દા પર નોકરી કરતી સ્ત્રી પર ઘરેલું હિંસા કે બહારી અત્યાચારોના બનાવો બને જ છે અને એના મૂળમાં આ દોગલી માનસિકતા જ છે બીજું કઈ નહિ...!

રાજકારણીઓને આ ડબલ ઢોલક વગાડવાની સારી ફાવટ હોય છે. સત્તામાં ના હોય ત્યારે જેનો વિરોધ કરતા હોય એના જ વખાણ સત્તા મળતા જ બેમોઢે કરવા માંડે. 'હિપોક્રેસી' બોલે તો ડબલ સ્ટાન્ડર્ડ નો કોઈ મેડલ અપાતો હોય તો વી ધ ઈન્ડિયન્સને એ અચૂક મળે એટલી હદ સુધી આ દોહરા માપદંડ આપણા જીવનમાં વણાઈ ચુક્યા છે. ઉદાહરણ અનેકો છે...નદીઓને મા ગણીને એની પૂજા-આરતી કરનારા આપણે પાછા એને પ્રદુષિત પણ કરી જાણીએ છીએ. હિન્દી ફિલ્મોના રોમાન્સમાં તાળીઓ પાડનાર આપણે આપણા જ બાળકોના સુખી ભવિષ્ય માટે હજુ પણ 'ઓનર કિલિંગ' કરીએ છીએ. જાહેરમાં સ્ત્રીને શક્તિનું પ્રતિક માનનાર ભારત દેશમાં હજુ પણ બાળકીને દૂધ પીતી કરવાનો રીવાજ છાને ખૂણે ચાલુ જ છે. ભ્રષ્ટાચાર આંદોલનના પેઈજ પર લાઈક-કોમેન્ટ કે ભ્રષ્ટાચારીઓને ગાળો દેનાર વી ધ પીપલ આપણા કામ

અનુસંધાન પાના નં ૭ પર